# વાર્ષિક પરીક્ષા **મહિલામંડળ** નું પેપર

તા. ૦૭-૦૧-૨૦૧૮ ● સમય: સવારે ૯ થી ૧૨ ● શ્રેણી: **૪** ● ગુણ: ૧૦૦

**Dharmik Shikshan Board Certificate Course Level : 1**

**પ્ર.:૧ નીચેની પાઠપૂર્તિ કરો : (કોઈ પણ આઠ)** **(૧૬) ૫૦**

**(ક)** ૧) સુત્તાગમે ......... જંવાઇદ્ધં

**જ:** ૧) સુત્તાગમે અત્થાગમે તદુભયાગમે એવાશ્રી જ્ઞાન ને વિશે જે અતિચાર લાગ્યા હોય તે આ લોઉ છું જંવાઇદ્ધં

૨) જાણીપ્રીછી ......... આકુટ્ટી

**જ:** ૨) જાણીપ્રીછી સ્વસંબંધી શરીર માંહેલા પીડાકારી સઅપરાધી વિગલેન્દ્રિય વિના આકુટ્ટી

૩) સૂપ વિહિં ......... પાણિયવિહિં

**જ:** ૩) સૂપ વિહિં વિગયવિહિં સાગવિહિં માહુરયવિહિં જેમણાવિહિં પાણિયવિહિં

૪) ઉચ્ચાર પાસવણ ......... સંથરીને

**જ:** ૪) ઉચ્ચાર પાસવણ ભૂમિકા પડિલેહીને ગમણાગમણે પડિક્કમિને દર્ભાદિક સંથારો સંથરીને

૫) ઇહલોગા સંસપ્પઓગે ......... તસ્સ મિચ્છામિ દુક્કદમ.

**જ:** ૫) ઇહલોગા સંસપ્પઓગે પરલોગા સંસપ્પઓગે જીવિયા સંસપ્પઓગે મરણા સંસપ્પઓગે કામભોગા સંસપ્પઓગે તસ્સ મિચ્છામિ દુક્કડંમ.

૬) રાગ .........પરપરિવાદ

**જ:** ૬) રાગ દ્વેષ કલહ અભ્યાખ્યાન પૈશુન્ય પરપરિવાદ

૭) ચત્તારિ સરણં ......... સરણં પવજ્જામિ.

**જ:** ૭) ચત્તારિ સરણં પવજ્જામિ અરિહંતં સરણં પવજ્જામિ સિધ્ધે સરણં પવજ્જામિ સાહુ સરણં પવજ્જામિ કેવલિ પન્નતં ધમ્મં સરણં પવજ્જામિ.

૮) પચ્છાકમ્મિયાએ ......... પારિસાડણિયાએ

**જ:** ૮) પચ્છાકમ્મિયાએ પૂરે કમ્મિયાએ અદિટ્ઠ હડાએ દગ સંસટ્ઠ હડાએ રય સંસટ્ઠ હડાએ પારિસાડણિયાએ

૯) સિવ ......... મવ્વાબાહ

**જ:** ૯) સિવ મયલ મરુય મણંત મકખય મવ્વાબાહ

**જ: ખ) નીચેના શબ્દોના ગુજરાતી અર્થ લખો.** **(૭)**

**સાથે**

| | | | |
|---|---|---|---|
| ૧) | અભિથુઆ | - | સ્તુતિ કરાવેલા |
| ૨) | ઠાણં સંપત્તાણં | - | સ્થાનને પામેલા |
| ૩) | ચરિત્તા ચરિત્તે | - | શ્રાવક ના દેશ વિરતિત ચારિત્રમાં |
| ૪) | બહુ સુભેણં | - | ઘણાં શુભ યોગે - સમાધિ ભાવે |
| ૫) | સંજુત્તાહિગરણે | - | હિંસાકારી જૂનાં હથિયાર સજાવી નવાં કર્યા હોય તેમજ હિંસા થાય તેવાં હથિયાર ભેગા કર્યા હોય. |
| ૬) | આણાવણપ્પઓગે | - | મર્યાદાની બહારથી વસ્તુ મંગાવી હોય |
| ૭) | ફલગ | - | પાટિયું - આદિ પાટ |

**જ: ગ1) નીચેના શબ્દોનું માગધી લખો. (કોઈ પણ આઠ) (૮)**

**સાથે**

| | | | |
|---|---|---|---|
| ૧) | દોષોની નિંદા કરીને. | – | નિંદી |
| ૨) | પોષધવ્રતનું રૂડી રીતે પાલન ન કર્યું હોય | – | પોસહસ્સ સમ્મં અણાણુપાલણયા |
| ૩) | પોતાનું રૂપ બતાવીને બહારથી કોઈને બોલાવેલ હોય | – | રૂવાણુવાએ |
| ૪) | જેમ તેમ નિરર્થક બોલવું. | – | મોહરિએ |
| ૫) | દાંત, હાડકાં, શીંગડા વગેરેનો વેપાર કર્યો હોય. | – | દંત વાણિજ્જે |
| ૬) | મધુરાં ફળની જાત માપની મર્યાદા | – | માહુરય વિહિં |
| ૭) | ઘરવખરીની મર્યાદા ઓળંગી હોય. | – | દુવિય પમાણાઇક્કમે |
| ૮) | જમીન સંબંધી જૂઠ | – | ભોમાલિક |
| ૯) | ચારિત્ર ધર્મનું દાન કરનારા | – | ધમ્મદયાણં |
| ૧૦) | પ્રકાશના કરનારા | – | પયાસયરા |

**ઘ) નીચેના પ્રશ્નોના જવાબ આપો. (કોઈ પણ સાત) (૧૪)**

૧) મહાવ્રત અને અણુવ્રત વચ્ચેના કોઈ પણ ૪ તફાવત લખો.

**જ:**

| મહાવ્રત | અણુવ્રત |
|---|---|
| ૧) સાધુ ધારણ કરે છે. | શ્રાવક ગ્રહણ કરે છે. |
| ૨) જાવ જ્જાવ માટે ધરાય છે. | એકવરસથી જાવજ્જાવ સુધી પોતાની મરજી પ્રમાણે વ્રત ધરાયં છે |
| ૩) ૩ કરણને ૩ યોગ થી ધરાય છે ૩ કરણ કરવું કરાવવું અનુમોદવું ૩ યોગ મન – વચન – કાય | શ્રાવકનાં વ્રતો ૨ કરણ અને ૩ યોગ અથવા ૧ કરણ અને ૧ યોગ થી અથવા ૧ કરણ ને ૩ યોગ થી ૬ કોટિ થી અથવા ૧ કોટિ થી ૩ કોટિથી ગ્રહણ કરાય છે. |
| ૪) મહાવ્રત ધારી સાધુના ગુણસ્થાન ૬ થી ૧૪ છે. | અણુવ્રત ધારી શ્રાવક નું ગુણસ્થાન પાંચમુ છે. |

૨) મુનિજીવનનું સેમ્પલનું વ્રત ક્યું ? તેના અતિચાર લખો.

**જ:** ૨) ૧૦મું વ્રત છે. તેના અતિચાર આણવપ્પઓગે પેસવણપ્પઓગે સદાણુવાએ રૂવાણુવાએ બહિયા પોઝાલ પકખેવે.

૩) રાત્રિભોજનનો ત્યાગ કયા વ્રતમાં આવે છે ?

**જ:** ૩) રાત્રભોજન નો ત્યાગ અપેક્ષા થી સાતમા વ્રતમાં રહેલો છે. ઉપભોગ – પરિભોગ ની કાળ આશ્રીત (રાત્રીની) મર્યાદા કરે તો તે પાલન થઈ શકે.

૪) કર્માદાન કોને કહે છે ? કોઈ પણ બે નામ લખો.

**જ:** ૪) જે ધંધા અને કાર્યોમાં વિશેષ હિંસા આદિ કારણોથી કર્મોનો વિશેષ બંધ થાય છે તેને કર્માદાન કહે છે. ઇંગાલકમ્મે વણકમ્મે....

૫) પરિગ્રહ એટલે શું ? પરિગ્રહ કેટલા, કયા કયા ?

**જ:** ૫) પરિગ્રહ એટલે આસકિત (મૂર્ચ્છા) તે ૯ છે. ખેત – વત્થુ હિરણ્ણ – સુવણ્ણ, ધન ધાન્ય દુપદ ચઉપ્પદ કુવિય.

૬) અદત્તાદાન એટલે શું ? નાની ચોરી શું છે ?

**જ:** ૬) કોઈપણ વસ્તુ ને તેના માલિકની આજ્ઞા વિના લેવી તે અદત્તાદાન એટલે કે ચોરી છે. ચોરીની ભાવના વગર પોતાના ઉપયોગ તે માટે આજ્ઞા વિના સામાન્ય કે તુચ્છ વસ્તુ લેવી તે નાની ચોરી છે.

૭) સમકિત એટલે શું ?

જ: ૭) સુદેવ સુગુરૂ અને તેમના દ્વારા પ્રરૂપિત નવતત્ત્વ આદિ સુધર્મ પ્રત્યે યથાર્થ શ્રધ્ધા કરવી તે સમકિત છે.

૮) પ્રતિક્રમણ સૂત્રના અધ્યયન કેટલાં ? કયાં કયાં, નામ લખો.

જ: ૮) પ્રતિક્રમણ સૂત્રના અધ્યયન ૬ છે.
૧- સામાયિક, ૨- ચઉવીસત્થો, ૩- વંદના, ૪- પ્રતિક્રમણ, ૫- કાઉસ્સગ, ૬- પચ્ચક્ખાણ

**ચ) ધર્મધ્યાનના આધારે જવાબ લખો.**

૧) ધર્મધ્યાનના પહેલો ભેદ સંપૂણ લખો. **(૨)**

જ: ૧) પહેલો ભેદ આણા વિજએ કહેતા વીતરાગ દેવની આજ્ઞાનો વિચાર ચિંતવવો. વીતરાગ દેવની આજ્ઞા એવી છેકે. સમકિત સહિત શ્રાવકનાં ૧૨ વ્રત અગીયાર પડીમા સાધુજીનાં પાંચ મહાવ્રત તથા ૧૨ ભીક્ષુની પડિમા. શુભધ્યાન શુભયોગ જ્ઞાન દર્શન ચારિત્ર તપ ને છકાય જીવની રક્ષા, સમય માત્રનો પ્રમાદ ન કરવો ચતુર્વિધિ સંઘના ગુણ કીર્તન કરવા.

૨) ધર્મધ્યાનના આલંબન કેટલા, કયા કયા ? **(૧)**

જ: ૨) આલંબન ચાર, ૧ – વાયણા ૨ – પુચ્છણા ૩ – પરિયટ્ટણા ૪ – ધમ્મમકહા

૩) એગચ્ચાણુપ્પેહા કહેતા શેનું ચિંતન કરવું ? **(૧)**

જ: ૩) એકલાપણાનો વિચાર ચિંતવવો કે જીવ એકલો આવ્યો છે અને એકલો જ જશે

૪) પરિયટ્ટણા એટલે શું ? **(૧)**

જ: ૪) પરિયટ્ટણા એટલે શીખેલું જ્ઞાન વારંવાર સંભાળવું.

**પ્ર. : ૨ ક) તત્ત્વ / સંસ્કાર વિભાગના આધારે જવાબ લખો (કોઈ પણ આઠ) (૧૬) ૩૦**

૧) ઇન્દ્રિય કેટલી ? ઇન્દ્રિય કોને કહે છે ? તે શેને ગ્રહણ કરે છે ?

જ: ૧) ઇન્દ્રિય પાંચ છે. રૂપ પદાર્થોને આંશિક રીતે જાણવામાં સહાયભૂત થાય તેને ઇન્દ્રિય કહે છે. તે ઇન્દ્રિયો શબ્દ – રૂપ રસ – ગંધ – સ્પર્શ એકેક વિષયને ગ્રહણ કરે છે.

૨) પ્રાણ કેટલા ? ૬, ૭, ૮, ૯, ૧૦ નંબરના પ્રાણના બોલ લખો.

જ: ૨) મનબલ પ્રાણ, વચનબલ પ્રાણ , કાયબલ પ્રાણ, શ્વાસોચ્છવાસબલ પ્રાણ, આયુષ્યબલ પ્રાણ

૩) નિર્જરાના ભેદ કેટલા છે તે લખો.

જ: ૩) નિર્જરાના ભેદ- ૧૨, ૧ – અણસણ, ૨ – ઉણોદરી ૩ – વૃત્તિસંક્ષેપ ૪ – રસ પરિત્યાગ, ૫ – કાય કલેશ , ૬ – પ્રતિસંલીનતા, ૭ – પ્રાયશ્ચિત, ૮ – વિનય, ૯ – વૈયાવચ્ચ, ૧૦ – સજઝાય, ૧૧ – ધ્યાન, ૧૨ – કાઉસ્સગ્ગ

૪) ૩૪મો બોલ આખો લખો.

જ: ૪) પાખંડી ના ૩૬૩ ભેદ
૧ – ક્રિયાવાદી – ૧૮૦ , ૨ – અક્રિયાવાદી – ૮૪, ૩ – વિનયવાદી – ૩૨,
૪ – અજ્ઞાનવાદી – ૬૭

૫) જેના જવાબમાં પાંચ બોલ હોય તેના બોલના ફક્ત નામ લખો.

જ: ૫) ૧ – જાતિ પાંચ, ૨ – ઇન્દ્રીય – પાચ, ૩ – શરીર પાંચ, ૪ – સાધુના પાચ મહાવ્રત, ૫ – સમકિત પાંચ, ૬ – ચારિત્ર પાંચ , ૭ – સમવાય પાંચ

૬) માત્ર સંખ્યા લખો. ૧) પર્યાપ્તિ ૨) યોગ ૩) કર્મ ૪) પાપ.

**જ:** ૬) ૧) પર્યાપ્તિ – ૬ ૨) યોગ – પંદર ૩) કર્મ – આઠ ૪) પાપ – ૧૮.

૭) શ્રાવકના વ્રત કેટલા ? તેના ભાંગા કેટલા ?

**જ:** ૭) શ્રાવકના વ્રત બાર. તેના ભાંગો ૪૯ છે (ઓગણપચાસ)

૮) પ્રમાણની વ્યાખ્યા લખો. પ્રમાણ કેટલા ? નામ લખો.

**જ:** ૮) જેનાથી અર્થ, પદાર્થ જાણી શકાય તેને પ્રમાણ કહે છે. પ્રત્યક્ષ, અનુમાન, આગમ, ઉપમાન.

૯) રસ કેટલા ? કોઈપણ ચાર રસના નામ લખો.

**જ:** ૯) રસ નવ પ્રકારના છે. ૧ – શૃંગાર રસ, ૨ – વીરરસ, ૩ – કરૂણારસ, ૪ – હાસ્યરસ, ૫ – રૌદ્રરસ, ૬ – ભયાનકરસ, ૭ – અદ્ભુતરસ, ૮ – બિભત્સરસ, ૯ – શાંતરસ.

**ખ યોગ્ય જોડકાં ગોઠવો :** **(૪)**

| | | | | **જવાબ** |
|---|---|---|---|---|
| ૧) | ગતિ | – | વૃત્તિસંક્ષેપ | મનુષ્ય |
| ૨) | પર્યાપ્તિ | – | સ્થાપના | મન |
| ૩) | શરીર | – | શુક્લ | કાર્મણ |
| ૪) | ઉપયોગ | – | પદ્મ | વિભંગજ્ઞાન |
| ૫) | નિર્જરા | – | મનુષ્ય | વૃત્તિસંક્ષેપ |
| ૬) | લેશ્યા | – | કાર્મણ | પદ્મ |
| ૭) | ધ્યાન | – | વિભંગજ્ઞાન | શુક્લ |
| ૮) | નિક્ષેપા | – | મન | સ્થાપના |

**ગ) તત્વ સંસ્કાર વિભાગના આધારે પ્રશ્નોના જવાબ લખો :** **(૮)**

૧) ટી. વી. જોવાથી સામુદાયિક કર્મનું ફળ શું ?

**જ:** ૧) સમુહમાં ટી. વી. જોઈને આનંદ કરવાથી તેના ફળ રૂપે રેલ્વે પ્લેન બસ અકસ્માત ધરતીકંપ વાવાઝોંડુ વગેરે આપત્તિઓમાં તે જીવો એક સાથે મૃત્યુ પામે છે.

૨) શ્રેષ્ઠ ધર્મ કયો ? અને કેવી રીતે ?

**જ:** ૨) જે ધર્મ આત્માને કર્મ રહિત બનાવી મોક્ષ અપાવે તે જ શ્રેષ્ઠ ધર્મ છે. તેથી જૈન ધર્મ એજ શ્રેષ્ઠ ધર્મ છે.

૩) કેવલજ્ઞાન એટલે શું ? કેવલદર્શન એટલે શું ?

**જ:** ૩) રાગ દ્વેષ ને સંપૂર્ણ પણે તેઓએ જીતી લીધા હોવાથી આખા જગતનું તેમને જ્ઞાન છે. તે કેવલ જ્ઞાન કહે છે. કેવલ દર્શન થી તેઓ આખા જગતને જોઈ શકે છે જોવા માટે આંખની જરૂર પડતી નથી તે કેવલ દર્શન છે.

**ઘ) ખાલી જગ્યા પૂરો :** **(૨)**

૧) અરિહંત અને સિદ્ધ હંમેશાં .......... માં રહે છે .

**જ:** ૧) અરિહંત અને સિદ્ધ હંમેશાં સમતાભાવમાં રહે છે .

૨) .......... કરવાથી તમને સાચા મિત્રો મળે છે .

**જ:** ૨) પ્રશંસા કરવાથી તમને સાચા મિત્રો મળે છે .

૩) વસ્તુના સ્વભાવને .......... કહે છે .

**જ:** ૩) વસ્તુના સ્વભાવને ધર્મ કહે છે .

૪) પ્રશંસાને ધર્મની ભાષામાં .......... કહે છે .

**જ:** ૪) પ્રશંસાને ધર્મની ભાષામાં ગુણાનુરાગ કહે છે .

**પ્ર.: ૩ ક) વાર્તાના આધારે જવાબ લખો :** **(૫) ૧૦**

૧) ધનરથની બન્ને મહારાણીના એક એક પુત્રનું નામ શું હતું ? લખો .

**જ:** ૧) ૧ – મેઘરથ ૨ – દ્રઢરથ

૨) રોહિણેય ચોરે પોતાના ચોરપિતાને તેમના મૃત્યુ વખતે શું વચન આપ્યું હતું તે લખો .

**જ:** ૨) રોહિણેય પોતે મહાવીર પ્રભુની વાણી કદીપણ નહીં સાંભળે .

૩) સંગમે તપસ્વી સંતને જોયા અને તેના હૃદયમાં શું ભાવો ઉત્પન્ન થયા તે લખો .

**જ:** ૩) સંગમના હૃદયમાં શુભ ભાવો ઉત્પન્ન થયાં તે ખૂબ આનંદીત અને હર્ષિત થયા . તેમને વિચાર્યું 'ધન્ય મારા ભાગ્ય ! મારા ઘરે તપસ્વી સંત પધાર્યા મારા ઘરે આજે સોનાનો સૂરજ ઉગ્યો .

૪) ધર્મરૂચી અણગારના ગુરૂનું નામ શું ? શિષ્ય સમુદાય સાથે કઈ નગરીમાં પધાર્યા ?

**જ:** ૪) ગુરૂનું નામ ધર્મઘોષ અને શિષ્ય સમુદાય સાથે ચંપા નગરીમાં પધાર્યા હતાં .

૫) શાંતિનાથ ભગવાનના માતા – પિતાનું નામ શું હતું ? તેમનું નામ શાંતિનાથ શા માટે પાડ્યું ?

**જ:** ૫) શાંતિનાથ ભગવાનના પિતાનું નામ વિશ્વસેન અને માતાનું નામ અચિરાદેવી હતું . તેઓ ગર્ભમાં આવતા નગરમાં મરકીનો રોગ થયો હતો તે શાંત થઈ ગયો . તેથી શાંતિનાથ નામ પાડ્યું .

**ખ) 'હા' કે 'ના' લખો :** **(૩)**

| | | **જવાબ** |
|---|---|---|
| ૧) | જૈનોના સોળમા તીર્થંકર શ્રી શાંતિનાથ સ્વામી બન્યા ? | હા |
| ૨) | દેવોના ગળાની માળાઓ કાયમ કરમાયેલી હોય છે . | ના |
| ૩) | મહાવીર પ્રભુએ રોહિણેય ચોરને શ્રાવકધર્મ સાધુધર્મનું પાલન કરવાનું સમજાવ્યું . | હા |
| ૪) | રાજા શ્રેણિકે કંબલ મોંઘા હોવા છતાં બધાં ખરીદી લીધાં . | ના |
| ૫) | ''બેટા, શ્રેણિક તો આપણા સ્વામી છે, ખરીદ – વેચાણ કરવાની વસ્તુ નથી'' આવું ભદ્રામાતા કહે છે . | હા |
| ૬) | ચંપાનગરીમાં રહેતા સોમ – સોમદત્ત – સોમભૂતિ ત્રણે સગા ભાઈઓ હતા . | હા |

**પ્ર. ૪ : કાવ્યપૂર્તિ કરો : (કોઈ પણ પાંચ)** **૧૦**

૧) સુંદર નથી ......... ખેલ્યા કરું.

**જ : ૧) સુંદર નથી આ શરીર કે સમુદાય ગુણ તણો નથી**
**ઉત્તમ વિલાસ કળા તણો દેદીપ્યમાન પ્રભા નથી,**
**પ્રભુતા નથી તો પણ પ્રભુ અભિમાન થી અક્કડ ફરું**
**ચોપાટ ચાર ગતિ તણી સંસારમાં ખેલ્યા કરું.**

૨) હું શુદ્ધ આચારો ......... ફેરા કર્યા.

**જ : ૨) હું શુદ્ધ આચારો વડે સાધુ હૃદયમાં નવ રહ્યો**
**કરી કામ પર ઉપકાર ના યશ પણ ઉપાર્જન નવ કર્યો,**
**વળી તીર્થના ઉધ્ધાર આદિ કોઈ કાર્યો નવ કર્યા**
**ફોગટ અરે આ લક્ષ ચોરાશી તણાં ફેરા ફર્યા.**

૩) નમું અનંત ......... જળતીર.

**જ : ૩) નમું અનંત ચોવીસી ઋષભાદિક મહાવીર**
**જેણે આર્ય ક્ષેત્રમાં ઘાલી ધર્મની શીર**
**મહા અતુલ્ય બળી નર શૂરવીર ને ધીર**
**તીર્થ પ્રવર્તાવી, પહોંચ્યા ભવ જળતીર.**

૪) મુનિવર હરિકેશી ......... દોય કુમાર.

**જ : ૪) મુનિવર હરિકેશી "ચિત્ત" મુનીશ્વર સાર**
**શુધ્ધ સંયમ પાળી પામ્યા ભવનો પાર**
**વળી ઇષુકાર રાજા ઘેર કમલાવતી નાર**
**'ભૃગુ' ને યશા તેમના દોય કુમાર.**

૫) જિન શાસન નાયક ......... લીઓ અદ્ભુત.

**જ : ૫) જિન શાસન નાયક ધન્ય શ્રી વીર જિણંદ**
**ગૌતમાદિક ગણધરે વર્તાવ્યો આનંદ**
**શ્રી ઋષભ દેવનાં ભરતાદિક સો પૂત્ર**
**વૈરાગ્ય મન આણી, સંયમ લિયો અદ્ભુત.**

૬) અથવ નકામું ......... તો વાત કયાં.

**જ : ૬) અથવ નકામું આપ પાસે નાથ શું બકવું ઘણું ?**
**હે દેવતા ના પૂજય ! આ ચારિત્ર મુજ પોતાતણું**
**જાણો સ્વરૂપ ત્રણ લોકનું ત્યાં મારૂં તો શું માત્રઆ ?**
**જયાં ક્રોડ નો હિસાબ નહિ ત્યાં પાઈની તો વાત કયાં ?**

|| જય જિનેન્દ્ર ||